RIGHT TO INFORMATION

# સુરત મહાનગરપાલિકા
# આરોગ્ય મહેકમ વિભાગ
# આર. ટી. આઈ.એકટ–૨૦૦૫
# પ્રો–એકટીવ ડીસ્કલોઝર(પી.એ.ડી.)
# ૧ લી મે–૨૦૨૫ ની સ્થિતીએ


ઓફિસ ::–
લેપ્રસી કન્ટ્રોલ યુનિટ
ઉધના ખટોદરા હેલ્થ સેન્ટર
રૂ.નં.–૧૨ જોગણીમાતાનાં મંદિર પાસે
રકતદાન કેન્દ્ર ની નીચે
ઉધના સુરત.૩૯૫૦૦૨,
ફોન નં–૨૬૩૦૭૨૩
E mail..leprosy.smc@gmail.com



ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી(વેકસીનેશન બ્રાંચ)
અને જાહેર માહિતી અધિકારી
સુરત મહાનગરપાલિકા

**કલમ–૪(૧)(બી) (૧):– સંસ્થાના કાર્યો અને ફરજોની વિગતો:–**

જવાબ :– સુરત મહાનગરપાલિકાના જાહેર સત્તા મંડળ સાથે સંયુકત છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા ઈ.સ.૧૯૮૦ થી લેપ્રસી કંટ્રોલ યુનીટનો વિભાગ ચલાવવામાં આવે છે. જેમા રકતપિતના રોગને અટકાવવામાં લાગતી તમામ કામગીરી કરવામાં આવે છે.

**કલમ–૪(૧)(બી)(૨) :– સંસ્થાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો:–**

**જવાબ :–**

લેપ્રસી કંટ્રોલ યુનીટ

↓

જાહેર માહિતી અધિકારી અને
મેડીકલ ઓફીસર
લેપ્રસી કંટ્રોલ યુનીટ

↓

એસ.આઈ (૨) | કલાર્ક કમ – કમ્પાઉન્ડીંગ આસી.(૧) | વોર્ડબોય (૧)

↓ (એસ.આઈ)

એસ.એસ.આઈ (૯) | એસ.એસ.આઈ (૨)

ખાતાનું નામ :– લેપ્રસી કન્ટ્રોલ યુનીટ

**<u>૧.મેડીકલ ઓફિસર :–</u>**

- લેપ્રસીના દર્દીઓ ને તપાસ કર્યા પછી MDT સારવારની કામગીરી.
- લેપ્રસીના દર્દીઓ ને જરૂરી માર્ગદર્શન અને કાઉન્સેલીંગ આપવુ.
- લેપ્રસી સિવાયના દર્દીઓને ચકાસણી કરી સારવાર અંગેની કામગીરી
- જુના લેપ્રસી RFT ના લેપ્રસીના દર્દીઓને સર્વલન્સની કામગીરી.
- લેપ્રસી દર્દીઓના વિસ્તારોમાં IEC ની કામગીરી અને લેપ્રસી કોલોની–પરચુરે શાસ્ત્રીનગરમાં રકતપિતના દર્દીઓને દવા આપવામાં આવે છે.
- સુરત શહેરનાં તમામ ઝોનમાં લેપ્રસીના જુના તથા નવા દર્દીઓના વિસ્તારમાં ગૃપ મીટીંગ, સર્વેલન્સ કઠપુતલી શો દ્વારા આરોગ્ય શિક્ષણ અને લેપ્રસી રોગ અંગેની જાગૃતિ લાવવાની કામગીરી.
- લેપ્રસીના દર્દીઓને જરૂરત પ્રમાણે સમયસર પાર્વતીબાઈ હોસ્પીટલ અશ્વીની કુમાર રોડ અથવા સ્મિમેર હોસ્પિટલ ચામડી વિભાગમાં દાખલ કરવાની કામગીરી.
- નવી સીવીલ હોસ્પીટલમાંથી નર્સીંગ વિધાર્થીઓ અને ઈન્ટર્ન ડોકટરર્સને પોસ્ટીંગ દરમ્યાન લેપ્રસી રોગ અંગેની જાણકારી આપવી.
- લેપ્રસી ડીફોરમીટીવાળા દર્દીઓને સર્જરી માટે ન્યુ સીવીલ હોસ્પીટલ તથા સયાજી હોસ્પીટલ, વડોદરા રીફર કરવાની કામગીરી.
- લેપ્રસીના દર્દીઓને પુનઃ વસવાટ અંગેની કામગીરી.
- સમયાનુસાર ચામડીના રોગ અંગેનો હેલ્થ કેમ્પ યોજવા અંગેની કામગીરી.
- લેપ્રસી કંટોલ યુનિટ અંગેના તમામ કેડરના સ્ટાફના સંચાલન અંગેની કામગીરી
- અને સમયસર રીપોર્ટીંગની કામગીરી.
- નવી સિવીલ DLO ના સંયુકત ઉપક્રમે ડોકટરર્સ અને પેરામેડીકલ સ્ટાફને રકતપિત વિષેની તાલીમની કામગીરી.

**<u>૨. લેપ્રસી સુપરવાઈઝર :–</u>**

- લેપ્રસી કંટ્રોલ યુનિટની કામગીરીના સ્ટાફની દેખરેખ અને જરૂરી માર્ગદર્શન.
- જુનિયર મેડીકલ ઓફિસરશ્રી તરફથી મળતી સુચના મુજબ કામગીરી.
- DLO સીવીલ હોસ્પીટલમાંથી માંગવામાં આવતી માહિતી સમયસર આપવી.
- MB અને PB ની દવાનો સ્ટોક પુરતો રાખવાની કામગીરી તથા દેખરેખ.
- દર્દીને જરૂરી દવા તથા પૂરતા પ્રમાણમાં સારવાર મળે તેની દેખરેખ.

- **ઉ. પેરા–મેડીકલ વર્કર :–**
- શોધેલા તથા લેપ્રસી દર્દીઓને MDT સારવાર આપવા તથા જનરલ મેડીસીન માટે OPD પર બોલાવી દવા સમયસર લે તેની સમજ આપવાની કામગીરી.
- IEC એકટીવીટીની કામીરી.
- જુના ડી–ફોલ્ટર દર્દીઓ તથા વર્ષ દરમ્યાન દવા બંધ કરેલ દર્દીઓને શોધી લાવી સમજાવી દવા શરૂ કરાવવાની કામગીરી.
- ચારેય ઝોન માં સ્લમ વિસ્તારોમાં લેપ્રસી રોગ અંગેની આરોગ્ય શિક્ષણ તથા રોગ અંગેની જનજાગૃતિ લાવવાની કામગીરી
- હેલ્થ સેન્ટર ખાતે થતા ચામડીના રોગોના હેલ્થ કેમ્પનું આયોજન તથા વધુમાં વધુ દર્દીઓ સારવાર લે તે અંગેની કામગીરી.
- સ્લમ વિસ્તારોમાં લેપ્રસી અંગેના દર્દીઓ શોધવા માટેની સર્વેલન્સની કામગીરી
- ઉપર જણાવેલ અધિકારી તરફથી સુચવેલી કામગીરી.

**૪. કલાર્ક કમ કમ્પાઉન્ડર :–**

- જરૂરીયાત દવા તથા MDT  દવા પુરી પાડવી, ઓફિસની સુચનાનું પાલન કરવુ.
- વહીવટી કામગીરી તથા મહેકમની કામગીરી કરવી.

**૫. વોર્ડબોય :–**

- અલસરના દર્દીનું જરૂરી ડ્રેસીંગ કરવું.
- જરૂરી ડ્રેસીંગ સામગ્રીનો જરૂરીયાત મુજબનો સ્ટોક રાખવાની તેમજ દર્દીને આપવાની કામગીરી.

**કલમ–૪(૧)(બી) (૩):– દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતિઃ–**

લેપ્રસી કંટ્રોલ યુનીટ

↓

જાહેર માહિતી અધિકારી અને
મેડીકલ ઓફીસર
લેપ્રસી કંટ્રોલ યુનીટ

↓

- એસ.આઈ (૨)
  - ↓
  - એસ.એસ.આઈ (૯)
  - એસ.એસ.આઈ (૨)
- કલાર્ક કમ – કમ્પાઉન્ડીંગ આસી.(૧)
- વોર્ડબોય (૧)

**કલમ–૪(૧)(બી)(૪):– પોતાના કાર્યો બજાવવા માટે પોતે નકકી કરેલા ધોરણોઃ–**

માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અને માહિતી અધિકાર નિયમ–૨૦૧૦ ના નિયમો અનુસાર નવા અને જુના રકતપિતના દર્દીઓને મફત કેસ પેપર, એમ.ડી.ટી. દવા, પી.બી. દવા અને બીજી દવાઓ અને અલસર ડ્રેસીંગ આપવામાં અને કરવામાં આવે છે.

**કલમ–૪ (૧) (બી) (૫) :– કાર્યો બજાવવા માટે અથવા નિયંત્રણ હેઠળના અથવા કર્મચારીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમ સંગ્રહો અને રેકર્ડ :–**
જવાબ– જાહેર સત્તા મંડળ સાથે સંયુકત છે.

માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અને માહિતી અધિકાર નિયમો–૨૦૧૦ મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in પર મુકવામાં આવેલ છે.

**કલમ–૪(૧)(બી) (૬): નિયંત્રણ હેઠળ હોય તેવા દસ્તાવેજોના વર્ગનું પત્રકઃએ – કેટેગરીઃ–**
જવાબ– જાહેર સત્તા મંડળ સાથે સંયુકત છે. લેપ્રસી દર્દીઓને મંજુરીથી મફતમાં કેસ પેપર, નિદાન અને દવાઓ સુરત મહાનગરપાલિકા ધ્વારા આપવામાં આવે છે.
**કલમઃ–૪(૧)(બી)(૭): નીતિ ઘડતરના અથવા તેના અમલીકરણના સંબંધમાં જનતાના સભ્યો સાથેવિચાર વિનિમય માટે અથવા તેમના ધ્વારા રજૂઆત માટેની વિદ્યમાન કોઈ વ્યવસ્થાની વિગતો :–**

જાહેર સત્તા મંડળ સાથે સંયુકત છે.

**કલમ–૪(૧)(બી)(૮): સલાહના હેતુઓ માટે બે અથવા તેથી વધુ વ્યકિતઓના બનેલા બોર્ડ કાઉન્સીલો,સમિતિઓ વિ.**જાહેર સત્તા મંડળ સાથે સંયુકત છે.

**કલમ–૪(૧)(બી)(૯) : અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા :–**
**બીસીએનટી વાઈઝ અધિકારી અને કર્મચારીઓની માહિતી**
www.suratmunicipal.gov.in પર સંયુકત રીતે મુકવામાં આવેલ છે. તથા અત્રેના ખાતાના કર્મચારીઓના મહેકમ દફતર તથા પગાર રજીસ્ટરની નકલ ખાતામાં ઉપલબ્ધ છે.

**કલમ–૪(૧)(બ)(૧૦) : દરેક અધિકારીઓ અને કર્મચારીઓને મળતા માસિક મહેનતાણા:–**
૭.બીસીએનટી વાઈઝ અધિકારી અને કર્મચારીઓની માહિતી www.suratmunicipal.gov.in પર સંયુકત રીતે મુકવામાં આવેલ છે. તથા અત્રેના ખાતાના કર્મચારીઓના મહેકમ દફતર તથા પગાર રજીસ્ટરની નકલ ખાતામાં ઉપલબ્ધ છે.

**કલમ–૪(૧)(બી)(૧૧) : તમામ યોજનાઓ, સુચિત ખર્ચ, ચૂકવેલ નાણા પરના અહેવાલોની વિગતો**
જવાબ– બીસીએનટીવાઈઝ માહિતી www.suratmunicipal.gov.in પર સંયુકત રીતે મુકવામાં આવેલ છે.

**કલમ–૪(૧)(બી)(૧૨) :ફાળવેલ રકમો સહિત સબસીડી કાર્યક્રમોની અમલ બજવણીની રીત અને એવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો:–**
જાહેર સત્તા મંડળ સાથે સંયુકત છે. અત્રેના ખાતાની અલાયદી માહિતી નથી.

**કલમ–૪(૧)(બી)(૧૩) : છુટછાટો, પરવાનગીઓ, અથવા અધિકૃતિઓ મેળવનારાની વિગતો:–**
**નવા અને જુના રકતપિતના દર્દીઓને મફત કેસ પેપર, એમ.ડી.ટી. દવા, પી.બી.ટી દવા અને બીજી દવાઓ અને અલસર ડ્રેસીંગ આપવામાં અને કરવામાં આવે છે.**
જાહેર સત્તા મંડળ સાથે સંયુકત છે. અત્રેના ખાતાની અલાયદી માહિતી નથી.

**કલમ–૪(૧)(બી)(૧૪) : ઈલેકટ્રોનીક સ્વરૂપમાં ઉપલબ્ધ માહિતીને લગતી વિગતો:–**
**આરટીઆઈ અપીલ અંગેના હુકમો**
**૨૦૦૮ થી ૨૦૨૫ (જાન્યુઆરી–૨૦૨૫) સુધીમાં કુલ ૮૧ અરજીઓ આવેલ છે.જેનો સંપૂર્ણ હકારાત્મક જવાબ સાથે નિકાલ કરેલ છે.**

**કલમ–૪(૧)(બી)(૧૫) : જાહેર ઉપયોગ માટે નિભાવવામાં આવતા હોય તેવા ગ્રંથાલય વિ.**જાહેર સત્તા મંડળ સાથે સંયુકત છે.

**કલમ–૪(૧) (બી) (૧૬): જાહેર માહિતી અધિકારીઓના નામ, હોદ્દો અને બીજી વિગતો.**મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in પર મુકવામાં આવેલ છે.

**કલમ–૪(૧)(બી)(૧૭) : ઠરાવવામાં આવે તેવી બીજી માહિતી:**–જાહેર સત્તા મંડળ સાથે સંયુકત છે.

ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી(વેકસીનેશન બ્રાંચ)
અને જાહેર માહિતી અધિકારી
સુરત મહાનગરપાલિકા